सत्यमेव जयते

# Guidelines

## For the recruitment of Principal in Grant-in-Aid Colleges

ગુજરાત રાજયની અનુદાનિત બિનસરકારી કોલેજોના
આચાર્યની ભરતી પ્રક્રિયા

કોલેજ વહીવટ શાખા, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર

# Contents

NOC મેળવવાની અરજી સાથે રજુ કરવાના પત્રકો ........ 2
NOC મળ્યા બાદ શું કરવું ........ 4
ઇન્ટરવ્યુની તારીખ મેળવવા માટે અરજી સાથે જોડવાના પત્રકો ........ 5
ઇન્ટરવ્યુની તારીખ મળ્યા બાદની કાર્યવાહી ........ 7
ઇન્ટરવ્યુના દિવસે કરવાની કાર્યવાહી ........ 8
ગુજરાત રાજયની અનુદાનિત બિનસરકારી કોલેજોના આચાર્યની પસંદગી અંગે સરકારી પ્રતિનિધિનો અહેવાલ ........ 11
NOC નો નમુનો ........ 13
ઈન્ટરવ્યુમાં પેરામીટર્સ પ્રમાણે ગુણાંકન ........ 16
Appendix-2 Table-2 ........ 17
For the calculation of Research Score ........ 17
શિક્ષણ વિભાગનો ઠરાવ તા.24-05-2021: ........ 19

## NOC મેળવવાની અરજી સાથે રજુ કરવાના પત્રકો

નીચે મુજબના પત્રકો NOC મેળવવાની અરજી સાથે રજુ કરવા. અરજી સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (કોલેજ વહીવટ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. 12, બીજો માળ, ગાંધીનગર ને સંબોધીને કરવી. સાથે નીચે મુજબના પત્રકો જોડવાના રહેશે.

પત્રક-1(અ) હાલમાં સંસ્થા ખાતે રેગ્યુલર આચાર્ય હોય તેવી કોલેજો માટે

પત્રક-1(બ) હાલમાં સંસ્થા ખાતે રેગ્યુલર આચાર્ય ન હોય તેવી કોલેજો માટે

પત્રક- 2 બિન સરકારી અનુદાનિત કોલેજમાં ખાલી પડેલ આચાર્યની જગ્યાની NOC મેળવવા માટેનું ચેક લિસ્ટ

પત્રક-1(અ) હાલમાં સંસ્થા ખાતે રેગ્યુલર આચાર્ય હોય તેવી કોલેજો માટે

| હાલમાં સંસ્થા ખાતે રેગ્યુલર આચાર્યનું નામ | નિમણુંકની તારીખ | નિવૃત્તિની તારીખ |
|---|---|---|
| | | |

પત્રક-1(બ) હાલમાં સંસ્થા ખાતે રેગ્યુલર આચાર્ય ન હોય તેવી કોલેજો માટે

| અગાઉના આચાર્યનું નામ | હાલના ઇન-ચાર્જ આચાર્યનું નામ | ખાલી જગ્યા થયાની તારીખ | ખાલી જગ્યા થયાનું કારણ |
|---|---|---|---|
| | | | |
| | | | |

પત્રક- 2 બિન સરકારી અનુદાનિત કોલેજમાં ખાલી પડેલ આચાર્યની જગ્યાની NOC મેળવવા માટેનું ચેક લિસ્ટ

| | | |
|---|---|---|
| 1 | કોલેજનું નામ | |
| 2 | કોલેજનું પુરુ સરનામું | |
| 3 | કોલેજનો કોડ નંબર | |
| 4 | કોલેજના ટ્રસ્ટનું નામ | |
| 5 | કોલેજનો ટેલિફોન નંબર | |
| 6 | કોલેજનું ઇ-મેઇલ આઇડી | |
| 7 | હાલના કાર્યરત આચાર્યનો મોબાઇલ નંબર | |
| 8 | હાલના કાર્યરત આચાર્યનું ઇ-મેઇલ આઇડી | |
| 9 | અગાઉના આચાર્યનું નામ | |
| 10 | અગાઉના આચાર્યની નિવૃત્તિ/ રાજીનામાની તારીખ | |
| 11 | આચાર્યની જગ્યા ખાલી પડવાનું કારણ:<br>નિવૃત્તિ / સ્વૈચ્છિક રાજીનામુ / અન્ય જગ્યાએ પસંદગી પામતા/ અન્ય(વિગત જણાવો) | |
| 12 | અગાઉ NOC આપવામાં આવેલ હોય તો તેની વિગત | |
| 13 | જો NOC આપવામાં આવેલ હોવા છતાં ખાલી જગ્યા રહેવાનું કારણ | |
| 14 | આચાર્યની ભરતી અંગે અથવા NOC આપ્યા બાદ અથવા નિમણુક બાદ કોઇ કોર્ટ મેટર હાલમાં ચાલુ હોય તો તેના કેસ નંબર અને છેલ્લી સ્થિતિ | |
| 15 | સંચાલક મંડળનું રજીસ્ટર્ડ થયેલું નામ: | |
| 16 | સંચાલક મંડળનું પુરુ સરનામું: | |
| 17 | સંચાલક મંડળનો રજીસ્ટ્રેશન નંબર અને તારીખ: | |
| 18 | સંચાલક મંડળનો ટેલિફોન નંબર: | |
| 19 | સંચાલક મંડળનું ઇ-મેઇલ આઇડી: | |
| 20 | કોલેજ શરૂ થયાની તારીખ અને હુકમ નંબર: | |
| 21 | ગ્રાંટ ઇન એઇડ તરીકેનનો દરજ્જો મળ્યાની તારીખ અને હુકમ નંબર: | |
| 22 | સંચાલક મંડળના પ્રમુખનું નામ: | |
| 23 | સંચાલક મંડળના પ્રમુખનો મોબાઇલ નંબર: | |
| 24 | સંચાલક મંડળના પ્રમુખનું ઇ-મેઇલ આઇડી: | |

તારીખ: આચાર્યના સહી-સિક્કા

## NOC મળ્યા બાદ શું કરવું

1. NOC મળ્યા બાદ વધુમાં વધુ 25 દિવસમાં જાહેરાત આપવી.
2. જાહેરાત બાબત- બહોળી પ્રસિધ્ધિ ધરાવતા ગુજરાતી વર્તમાનપત્રોની જુદી જુદી આવૃત્તિઓમાં આપવી. રાજ્યના ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ એમ ચારેય ઝોનમાં પ્રસિધ્ધ થાય તેવી રીતે જાહેરાત આપવી. તદ્દુપરાંત, બહોળી પ્રસિધ્ધિ ધરાવતા અંગ્રેજી વર્તમાનપત્રમાં પણ જાહેરાત આપવી.
3. સંલગ્ન યુનિવર્સિટી તેમજ અન્ય યુનિવર્સિટીઓના નોટિસ બોર્ડ અને વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાના હેતુથી તેઓને જાહેરાતની નકલ મોકલી આપવી.
4. જાહેરાતની સ્કેન કરેલ કોપી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીને kvt.che@gmail.com પર ઇ-મેઇલ મોકલી આપવી.
5. જાહેરાતની નકલ, અરજીનો નિયત નમુનો, અરજી સાથે જોડવાના ડોક્યુમેન્ટ્સની યાદી કોલેજની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા.
6. NOC માં દર્શાવેલ તમાત શરતોનું ચુસ્ત પાલન કરવું.
7. શિક્ષણ વિભાગના વખતો વખતના ઠરાવો અને યુજીસીના રેગ્યુલેશન્સની નક્લો મેળવી લેવી અને તેનો અભ્યાસ કરી લેવો.
8. NAACની વેબસાઇટના વેબપેજ (http://naac.gov.in/info-for-institutions#iqac) પર દર્શાવેલ ગાઇડલાઇન્સ મુજબ IQAC (Internal Quality Assurance Cell) ની રચના કરવી અને તેનો કાર્યાલય આદેશ કરવો.
9. IQAC ના પ્રત્યેક સભ્યએ ગાઇડલાઇન્સઅભ્યાસ કરી લેવો જોઇએ.
10. ઇન્ટરવ્યુની તારીખ મેળવવા માટેની અરજી સાથે જોડવાના ડોક્યુમેન્ટ્સ પ્રમાણિત કરવા માટે IQACના સભ્યો અને આચાર્યના નામ સાથે સહી-સિક્કા કરવા.
11. પીએચ.ડી.ની ડીગ્રી યુજીસીના નિયમ મુજબ છે કે કેમ તેની ખાસ ચકાસણી કરવાની રહેશે.
12. પીએચ.ડી.ની ડીગ્રી યુજીસી માન્ય યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત કરેલ છે કે તેની ચકાસણી કરવાની રહેશે.
13. યુનિવર્સિટી દ્વારા અધ્યાપક/આચાર્ય તરીકેની માન્યતા મળેલ હોય તેનો જ અધ્યાપનનો અનુભવ ગણતરીમાં લેવાનો રહેશે.
14. આવેલ અરજીઓ પૈકી કોલેજના IQAC દ્વારા (UGC Regulations-2018 મુજબ લાયકાત, અનુભવ, રીસર્ચ સ્કોર, પબ્લિકેશન્સને ધ્યાને લઇને )એપ્રુવ્ડ કરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવાની રહેશે.
15. ઇન્ટર્વ્યુની તારીખ મેળવવા માટે સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (કોલેજ વહીવટ), ઉ.શિ.ક. કચેરીને અરજી કરવી.

## ઇન્ટરવ્યુની તારીખ મેળવવા માટે અરજી સાથે જોડવાના પત્રકો

IQAC એ નીચે મુજબના પત્રકો તૈયાર કરવા અને IQACના કો-ઓર્ડિનેટર અને આચાર્યશ્રીએ પ્રમાણિત કરવા. તમામ પત્રકોમાં તારીખ હોવી જરુરી છે. પ્રત્યેક ઉમેદવારનું રીસર્ચ સ્કોરનું UGC Regulations-2018 **Appendix II Table** 2 ની ચકાસણી કરવી અને તેમાં IQACના તમામ સભ્યોએ સહી કરીને પ્રમાણિત કરવાના રહેશે, જેમાં ઇન્ટરવ્યુ સમયે પસંદગી સમિતિના તમામ સભ્યોની સહી કરાવવાની રહેશે.

કોલેજના IQACની રચનાનો કાર્યાલય આદેશ- પત્રક-3

IQACના સભ્યોની નમુનાની સહી દર્શાવતું પત્રક-4

ઉમેદવારોની લાયકાત-યોગ્યતાનું પત્રક-5

ઇન્ટરવ્યુમાં બોલાવવાને લાયક ઉમેદવારોનું પત્રક-6

ઇન્ટરવ્યુમાં બોલાવવાને લાયક ન હોય તેવા ઉમેદવારોનું પત્રક-7

### IQACના સભ્યોની નમુનાની સહી દર્શાવતું પત્રક-4

| ક્રમ | IQAC સભ્યનું નામ | હોદ્દો | નમુનાની સહી |
|---|---|---|---|
| | | | |
| | | | |

### ઉમેદવારોની લાયકાત-યોગ્યતાનું પત્રક-5

| ક્રમ | ઉમેદવારની વિગત | |
|---|---|---|
| 1 | ઉમેદવારનું નામ | |
| 2 | ઉમેદવારનું રહેઠાણનું સરનામુ | |
| 3 | ઉમેદવારના કોન્ટેક્ટ નંબર્સ | |
| 4 | ઉમેદવારનું ઇ-મેઇલ આઇડી | |
| 5 | હાલનો હોદ્દો | |
| 6 | હાલની સંસ્થાનું નામ | |
| 7 | શૈક્ષણિક લાયકાત: | |
| 8 | કુલ માન્ય અનુભવ વર્ષ | |
| 9 | યુનિવર્સિટી માન્ય અધ્યાપક તરીકેનો અનુભવ | |
| 10 | યુનિવર્સિટી માન્ય સંશોધન કાર્યનો અનુભવ | |
| 11 | પીએચ.ડી. પૂર્ણ કર્યાનું વર્ષ | |
| 12 | પીએચ.ડી.ની યુનિવર્સિટી | |
| 13 | રીસર્ચ સ્કોર (UGC Regulations-2018 **Appendix II Table** 2) મુજબ | |

| | | |
|---|---|---|
| 11 | પીઅર રીવ્યુડ અથવા યુજીસી લિસ્ટેડ જર્નલમાં પ્રકાશિત થયેલ રીસર્ચ પેપરની સંખ્યા | |

ઉપરોક્ત વિગતો મેં ચકાસી છે અને તેની ખરાઇ કરીને પ્રમાણિત કરું છું.

| ક્રમ | IQAC સભ્યનું નામ | હોદ્દો | સહી તારીખ સાથે |
|---|---|---|---|
| | | | |
| | | | |

તારીખ: આચાર્યના સહી-સિક્કા

## ઇન્ટરવ્યુમાં બોલાવવાને લાયક ઉમેદવારોનું પત્રક-6

નીચે દર્શાવેલ ઉમેદવારો લાયકાતના ધોરણો ધરાવતા હોઇ તેઓને ઇન્ટરવ્યુમાં બોલાવી શકાશે.

| ક્રમ | ઉમેદવારનું નામ | રીમાર્ક્સ |
|---|---|---|
| | | |

| ક્રમ | IQAC સભ્યનું નામ | હોદ્દો | સહી તારીખ સાથે |
|---|---|---|---|
| | | | |
| | | | |

તારીખ: આચાર્યના સહી-સિક્કા

## ઇન્ટરવ્યુમાં બોલાવવાને લાયક ન હોય તેવા ઉમેદવારોનું પત્રક-7

નીચે દર્શાવેલ ઉમેદવારો લાયકાતના બધા જ ધોરણો ન ધરાવતા નથી આથી તેઓને ઇન્ટરવ્યુમાં ન બોલાવી શકાય.

| ક્રમ | ઉમેદવારનું નામ | લાયકાતમાં ખુટતી વિગત |
|---|---|---|
| | | |

| ક્રમ | IQAC સભ્યનું નામ | હોદ્દો | સહી તારીખ સાથે |
|---|---|---|---|
| | | | |
| | | | |

તારીખ: આચાર્યના સહી-સિક્કા

## ઇન્ટરવ્યુની તારીખ મળ્યા બાદની કાર્યવાહી

1. ઇન્ટરવ્યુની તારીખ મળ્યેથી તરત જ ઇન્ટરવ્યુમાં બોલાવવાને લાયક ઉમેદવારોને રજીસ્ટર્ડ એડી પત્રોથી ઇન્ટરવ્યુમાં ઉપસ્થિત રહેવાની લેખિત જાણ કરવાની રહેશે. આ સાથે જ ઇન્ટરવ્યુમાં બોલાવવાને લાયક ન હોય તેવા ઉમેદવારોને શા માટે ઇન્ટરવ્યુમાં બોલાવવામાં આવત નથી તે અંગેની જાણ કરવી.
2. ઇન્ટરવ્યુનું સ્થળ સંલગ્ન યુનિવર્સિટી કેમ્પસમાં રાખવાનું રહેશે.
3. ઇન્ટરવ્યુ લેનાર પસંદગી સમિતિની રચના UGC Regulations-2018 ના પારા 5.1.VIII(A) મુજબ કરવાની રહેશે, જે નીચે મુજબ છે:

(a)

i) Chairperson of the Governing Body to be the Chairperson.

ii) Two members of the Governing Body of the college to be nominated by the Chairperson of whom one shall be an expert in academic administration.

iii) Two nominees of the Vice-Chancellor who shall be Higher Education experts in the subject/field concerned out of which at least one shall be a person not connected in any manner with the affiliating University. In case of Colleges notified/declared as minority educational institutions, one nominee of the Chairperson of the College from out of a panel of five names, preferably from minority communities, recommended by the Vice-Chancellor of the affiliating university of whom one should be a subject expert.

iv) Three Higher Education experts consisting of the Principal of a College, a Professor and an accomplished educationist not below the rank of a Professor (to be nominated by the Governing Body of the college out of a panel of six experts approved by the relevant statutory body of the university concerned).

v) An academician representing SC/ST/OBC/Minority/Women/Differently-abled categories, if any of candidates representing these categories is the applicant, to be nominated by the Vice-Chancellor, if any of the above members of the selection committee does not belong to that category.

vi) Two subject-experts not connected with the college to be nominated by the Chairperson of the governing body of the college out of a panel of five names recommended by the Vice Chancellor from the list of subject experts approved by the relevant statutory body of the university concerned. In case of colleges notified/declared as minority educational institutions, two subject experts not connected with the University nominated by the Chairperson of the College governing body out of the panel of five names, preferably from minority communities, recommended by the Vice Chancellor from the list of subject experts approved by the relevant statutory body.

(b)

Five members, including two experts, shall constitute the quorum.

4. પસંદગી સમિતિમાં કમિશ્નર કચેરી દ્વારા સરકારી પ્રતિનિધિ નિયુક્ત કરવામાં આવશે.
5. ઇન્ટરવ્યુની તારીખ મળ્યેથી ઇન્ટરવ્યુ માટે પસંદગી સમિતિના સભ્યોના નામ મેળવી લેવા અને તેઓ ઇન્ટરવ્યુમાં ઉપસ્થિત રહે તે સુનિશ્ચિત કરી લેવું.

6. ઉ.શિ.ક.ના તા.20/07/2016ના પરિપત્ર મુજબ સ્વ-નિર્ભર (Self-finance) કોલેજોમાં સેવા બજાવતાં એસોસિએટ પ્રોફેસર / પ્રોફેસર કે જેઓએ આચાર્યની જગ્યા માટે ઉમેદવારી નોંધાવેલ છે તેઓ યુ.જી.સી.ના નિયમાનુસાર પગાર અને પગાર ધોરણ મેળવે છે, તેની ખરાઇ કરવી. તેમની નિમણુક યુ.જી.સી. અને યુનિવર્સિટીના નિયમાનુસાર થયેલ છે તેમજ યુનિવર્સિટીની માન્યતા ધરાવે છે તેની ખરાઇ કરવાની રહેશે.
7. સરકારી પ્રતિનિધિનું નામ ઉ.શિ.ક. કચેરીમાંથી સમયસર મેળવી લેવાનું રહેશે. સરકારી પ્રતિનિધિએ ઇન્ટરવ્યુ શરુ કરતા પહેલા ડોક્યુમેન્ટ્સની ખરાઇ કરવાની રહેશે.
8. ઇન્ટરવ્યુ પહેલા પસંદગી સમિતિની મિટિંગ કરવાની રહેશે અને તેની મિનિટ્સની નકલ ફાઇલમાં રાખવાની રહેશે.
9. પસંદગી સમિતિના દરેક સભ્યને પસંદગીના પેરામીટર્સનું બ્રેકઅપ અગાઉથી આપી દેવું.

**100% Score based on Interview**

| Sr. | Parameter | Weightage % |
|---|---|---|
| A | Assessment of aptitude for teaching, research and administration | 35 |
| B | Ability to communicate clearly and effectively | 15 |
| C | Ability to plan institutional programs, analyse and discuss curriculum development and delivery, research support and college development / administration | 35 |
| D | Ability to deliver lecture programs to be assessed by requiring the candidate to participate in group discussion or exposure to a classroom situation by a lecture | 15 |

## ઇન્ટરવ્યુના દિવસે કરવાની કાર્યવાહી

1. સમિતિના સભ્યોએ વ્યક્તિગત ગુણાંકન કરવાનું રહેશે તેના પરથી તમામ ઉમેદવારોનું એકંદરીકરણ કરવું અને તેનું અલગથી એકંદર ગુણાંકન પત્રક તૈયાર કરવું.
2. તમામ ગુણાંકન પત્રકોમાં પસંદગી સમિતિના તમામ સભ્યોની સહી તારીખ,સાથે, નામ અને હોદ્દા સહિતની વિગતો હોવી જોઇએ.
3. સમગ્ર પ્રક્રિયાનં રોજકામ કરવાનું રહેશે જેમાં પસંદગી સમિતિના તમામ સભ્યોની સહી તારીખ,સાથે, નામ અને હોદ્દા સહિતની વિગતો હોવી જોઇએ. રોજકામમાં ઉમેદવારોની હાજરી, એકંદર ગુણાંકન તથા ગુણાંકન મુજબ પસંદગી માટે ભલામણ કરેલ ઉમેદવારનું સ્પષ્ટ નામ દર્શાવવાનુ રહેશે.

4. ઈન્ટરવ્યુ પૂર્ણ થતાંની સાથે જરુરી તમામ પત્રકોમાં જ્યાં પણ પસંદગી સમિતિના સભ્યોની સહી લેવાની હોય તે ત્યાં લેવડાવવાની રહેશે. ઈન્ટરવ્યુ પ્રક્રિયા સંપૂર્ણ રીતે પૂર્ણ ન થાય ત્યાં સુધી પસંદગી સમિતિના કોઇપણ સભ્યએ સ્થળ છોડવું નહિ.
5. ચેકલિસ્ટ મુજબ જરુરી તમામ પત્રકો અને આધારોને પેજ નંબર આપી તેની ફાઇલ સરકારી પ્રતિનિધિને સુપ્રત કરવાની રહેશે. પ્રત્યેક પેપર પર પેજ નંબર લખાયેલ હોય તે જરુરી છે. કોઇપણ વિગત ખુટતી હશે તો તેની જવાબદારી આચાર્યની રહેશે.
6. પસંદગી પ્રક્રિયા પૂર્ણ થતાં ઈન્ટરવ્યુમાં હાજર / ગેરહાજર ઉમેદવારોનું પત્રક, પ્રતિનિધિઓન વ્યક્તિગત ગુણાંકન પત્રક, એકંદરી પત્રક અને રોજકામની વિગતો તે જ દિવસે સરકારી પ્રતિનિધિને સુપ્રત કરવા. સરકારી પ્રતિનિધિએ સત્વરે જરુરી તમામ પત્રો અને પત્રકો સાથેની ફાઇલ ઉ.શિ.ક. કચેરીને પહોંચાડવાના રહેશે.
7. જ્યાં પણ સહી કરવામાં આવતી હોય ત્યાં તેની સાથે તારીખ અચુક લખવી.
8. કોઇપણ પત્રકમાં બીજા પેજ પર માત્ર સહી જ આવે તેમ ન કરવું.
9. ભરતી પ્રક્રિયા માટે તૈયાર કરેલ તમામ ડોક્યુમેન્ટ્સ પર આચાર્યએ સહી સિક્કા કરીને પ્રમાણિત કરવાના રહેશે.
10. સંસ્થાએ તૈયાર કરેલ ફાઈલમાં રાખેલ તમામ પેપર પર નંબર લખાયેલ/છપાયેલ હોવો જરૂરી રહેશે અને તે નંબર જ ચેકલીસ્ટમાં લખવાના રહેશે.
11. સ્વનિર્ભર સંસ્થાનો અનુભવ ધરાવતા ઉમેદવારના કિસ્સામાં તેની નિમણુંક સરકારશ્રીના ઠરાવોની જોગવાઇઓ મુજબ થયેલ છે કે કેમ તે તપાસવું. જે સમયગાળા દરમ્યાન યુજીસીના પગાર ધોરણ મુજબ પગાર મળેલ હોય તે સમયગાળાને જ અનુભવ તરીકે ગણવાનો રહેશે. તેમને મળેલ કુલ પગાર સરકારી કોલેજના અધ્યાપકના આનુષંગિક પગાર કરતા ઓછો ન હોવો જોઇએ. જો તેમ ન હોય તો સમયગાળાને અનુભવમાં ન ગણવો એસોસિએટ પ્રોફેસરનું પગારધોરણ ૩૭૪૦૦-૬૭000 અને ગ્રેડ પે રૂ.૯000 ક્યારથી મળેલ છે? તેની નોંધ સેવાપોથીમાં છે? સેવાપોથીમાં સરકારશ્રી દ્વારા અધિકૃતઅધિકારી દ્વારા એસોસિએટ પ્રોફેસરના પગારધોરણને પ્રમાણિત કરેલછે કેમ તે જોવાનું રહેશે.
12. યુજીસીના ધારાધોરણ અનુસાર એસોસિએટ પ્રોફેસરની કક્ષાએ પહોંચેલ છે કે કેમ? આવા ઉમેદવારની પસંદગી કરવામાં ખુબ જ ધ્યાન રાખવું જેથી બાદમાં કોઇ કોર્ટ મેટર ન બને,
13. પસંદગી પામેલ ઉમેદવારની સેવાપોથીની તમામ વિગતો ચકાસવી. સેવાપોથીમાં જરૂરી તમામ નોંધ હોવી જરુરી છે. તેમાં જે વિગતો ખૂટતી હોય તેની નોંધ સરકારી પ્રતિનિધિના રિપોર્ટમાં કરવી.

20. ધ્યાનમાં રાખવાના મુદાઓ:.

1. ઉ.શિ કની કચેરી દ્વારા અપાયેલ એન ઓ સી ની નકલ વાંચવી,
2. ઇન્ટરવ્યુની તારીખ ફાળવતો ઉ શિ.ક.ની કચેરીનો પત્ર

3. ઇન્ટરવ્યુનું સ્થળ અને સમય ફાળવતો યુનિવર્સિટીનો પત્ર
4. પસંદગી સમિતિમાં હાજર રહેવા માટે યુનિવર્સિટી દ્વારા નિમણુંક અપાયેલ પ્રતિનિધિઓના નામ દર્શાવતો યુનિવર્સિટી ઓથોરિટીનો પત્ર
5. વર્તમાનપત્રમાં આપેલ જાહેરાતની નકલ
6. જાહેરાત દ્વારા સંસ્થાને મળેલ અરજીઓ
7. ઇન્ટરવ્યુ માટે લાયક ઇમેદવારોને મોકલવામાં આવેલ કોલ લેટર્સના આધારો- રજી. એ ડી.ની પાવતી.
8. ઇન્ટરવ્યુ માટે લાયક ન હોય તેવા ઉમેદવારોને શા માટે ઇન્ટરવ્યુમાં બોલાવવામાં આવતા નથી તેની જાણ કરતો પત્ર
9. ઇન્ટરવ્યમાં હાજર / ગેરહાજર ઉમેદવારોની સહી વાળી યાદી
10. આચાર્યની જગ્યા માટે આવેલ ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત દર્શાવતું પત્રક
11. આચાર્યની જગ્યા માટે આવેલ ઉમેદવારોના અનુભવની વિગત
12. આચાર્યની જગ્યા માટે આવેલ ઉમેદવારોના એ પી.આઇ. સ્કોરની વિગત
13. પસંદગી સમિતિના દરેક સભ્ય દ્વારા લેવામાં આવેલ ઇન્ટરવ્યુનું વ્યક્તિગત ગુણાંકન પત્રક
14. પસંદગી સમિતિના સભ્યો દ્વારા લેવામાં આવેલ ઇન્ટરવ્યનું ગુણાંકન એકંદરીકરણ પત્રક
15. પસંદગી પામેલ ઉમેદવાર ઉપરાંત ઇન્ટરવ્યુ ગુણાંકન મુજબ વેઇટિંગ લિસ્ટ બનાવવું. ઉપસંદગી પામેલ ઉમેદવાર કોઇ કારણોસર હાજર ન થઇ શકે તેવા કિસ્સામાં વેઇટિંગ લિસ્ટનો અમલ કરીને પસંદગી કરી શકાય.
16. આચાર્યની જગ્યા માટે પસંદગી પામેલ ઉમેદવરની વિગત દર્શાવતું પત્રક
17. પસંદગી સમિતિ દ્વારા લેવામાં આવેલ ઇન્ટરવ્યુની સમગ્ર પ્રક્રિયાનું રોજકામ
18. પસંદગી પામેલ ઉમેદવારના તમામ શૈક્ષણિક લાયકાત ( PG+PhD). કુલ શૈક્ષણિક અનુભવ (Minimum 15 years), ઉમેદવારે ક્લેઇમ કરેલ અનુભવના તમામ સર્વિસના નિમણુંકના આદેશોની નકલ , હાજર રિપોર્ટની નકલ તથા યુનિવર્સિટીએ આપેલ માન્યતાના આધારોની નકલ ચકાસવી.
19. ઉમેદવારનું પીએચ.ડી. રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી કરેલ હોય તો જરૂરી આધાર પુરાવાની ચકાસણી કરવી,
20. ઉમેદવારનો કુલ અનુભવ અનુદાનિત કોલેજનો છે કે સ્વ-નિર્ભર સંસ્થાનો ? જો અનુભવ સ્વ-નિર્ભર સ્થાનો હોય તો યુજીસીના નિયત ધોરણો મુજબ સિનિયર/સિલેક્શન/ એસોસિએટ ગ્રેડ મળેલ છે કે કેમ ? તેમજ તેમને તે મુજબનો પગાર અને પગારધોરણ મળેલ છે કે નહિ તેના આધારો ચકાસવા ઉમેદવારે યુજીસીના નિયમો મુજબ ઓરિએટેશન કોર્સ રિફ્રેશર કોર્સની ચકાસણીથી તથ્ય જાણવામાં મદદરૂપ બનશે.

21. પસંદગી પામેલ ઉમેદવારનું હાલનું પગાર ધોરણ, બેજિક પગાર, હાલનો ગ્રેડ પે, સાતમા પગારધોરણ પ્રમાણે લેવલ મેળવ્યાની તારીખની ચકાસણી કરવી. તેના માટે સર્વિસ બુક્ના આધારો, પગાર સ્લિપ તપાસવા.

## ગુજરાત રાજયની અનુદાનિત બિનસરકારી કોલેજોના આચાર્યની પસંદગી અંગે સરકારી પ્રતિનિધિનો અહેવાલ

| ક્રમ | ચકાસણી કરવાની વિગત | પ્રાપ્ત વિગત | પેજ નં. |
|---|---|---|---|
| 1 | સરકારી પ્રતિનિધિનું નામ | | |
| 2 | સરકારી પ્રતિનિધિનો હોદ્દો અને સંસ્થા | | |
| 3 | ઇન્ટરવ્યુ સ્થળ | | |
| 4 | ઇન્ટરવ્યુનીતારીખ | | |
| 5 | ઇન્ટરવ્યુ થયેલ કોલેજનું નામ | | |
| 6 | પસંદગી પામેલ ઉમેદવારનું નામ | | |
| 7 | પસંદગી પામેલ ઉમેદવારનો વિષય | | |
| 8 | પસંદગી પામેલ ઉમેદવારની શૈક્ષણિક લાયકાત | | |
| 9 | પસંદગી પામેલ ઉમેદવારનો શૈક્ષણિક અનુભવ | | |
| 10 | પસંદગી પામેલ ઉમેદવારના કુલ રીસર્ચ સ્કોર | | |
| 11 | પસંદગી પામેલઉમેદવારનો હાલનો હોદ્દો | | |
| 12 | પસંદગી પામેલઉમેદવારનું હાલનું પગારધોરણ | | |
| 13 | કઈ તારીખથી હાલનું પગારધોરણ મળે છે? | | |
| 14 | સર્વિસબૂકમાં એન્ટ્રી છે? | | |
| 15 | તેનું સ્ટીકર લાગેલ છે? | | |
| 16 | રાજયકક્ષાએ બહોળી પ્રસિધ્ધિધરાવતા દૈનિક વર્તમાન પત્રની તમામે તમામ આવ્રુત્તિ તથા સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં આપેલ જાહેરાતોની અસલ તમામ આવ્રુત્તિઓની ચકાસણી કરેલ છે કે કેમ ? | | |
| 17 | ઉચ્ચ શિક્ષણ કચેરી દ્વારા આપેલ એન.ઓ.સી./રીન્યુ એન.ઓ.સી.ની તારીખ | | |
| 18 | અનામત કેટેગરી માટે આપેલ એન.ઓ.સી.ના કિસ્સામાં અનામતની વધુ સંખ્યા ધરાવતા વિસ્તારમાંથી પ્રસિધ્ધ થતાં સ્થાનિક દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપેલ છે કે કેમ? | | |
| 19 | તમામ ઉમેદવારોએ નિયત નમુનામાં અરજી આપેલ છે કે કેમ? | | |
| 20 | જો તેમ ન હોય તો નિયત નમુનામાં ઉમેદવાર પાસેથી અરજી આવે તેની જાણ કરવામાં આવી છે? | | |

| | | | |
|---|---|---|---|
| 21 | ઉમેદવાર દ્વારા પ્રકાશિત કરેલ પુસ્તકો, સંશોધન લેખો,પ્રકાશન લેખો યોગ્ય સ્તરના રીસર્ચ સ્કોર મળવાપાત્ર છે કે કેમ? | | |
| 22 | કેટલા ઉમેદવારોની અરજી આવી હતી? | | |
| 23 | કોલેજના  આઇ.ક્યુ.એ.સી. દ્વારા પ્રમાણિત કરાયેલ રીસર્ચ સ્કોરની ચકાસણી કરેલ છે કે કેમ? | | |
| 24 | ઉમેદવારોએ રજુ કરેલ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની ચકાસણી કરતાં આ પદવી માન્ય યુનિવર્સિટીની છે કે કેમ? | | |
| 25 | ઉમેદવારોએ માન્ય સંસ્થામાંથી અનુભવ મેળવેલ છે તે બાબતે ઉમેદવારે આચાર્યના રજુ કરેલ પ્રમાણપત્રની સંસ્થાએ પૂરતી ચકાસણી કરી છે કે કેમ? | | |
| 26 | અનુભવ ધરાવતા ઉમેદવારની અરજી સાથે જે ઉમેદવાર હાલની સંસ્થામાં કાર્યરત છે તે સંસ્થાના વડાનું N.O.C.(એન.ઓ.સી.) રજુ કરેલ છે કેમ? | | |
| 27 | શૈક્ષણિક લાયકાત/અનુભવના પ્રમાણપત્રોની પૂરતી ચકાસણી કરી મેરીટના ઉતરતા ક્રમ મુજબ પત્રક  તૈયાર કરેલ છે કેમ? | | |
| 28 | કેટલા ઉમેદવારોને ઇન્ટરવ્યુમાં બોલાવવામાં આવ્યા? | | |
| 29 | ઉમેદવારોને નિયતસમયગાળો સચવાય તે રીતે ઇન્ટરવ્યુમાં હાજર રહેવા રજીસ્ટર એડી પત્રોથી કોલલેટરો પાઠવવામાં આવેલ છે કેમ? | | |
| 30 | પસંદગી સમિતિદ્વારા  ગુણનું એકંદરીકરણ પત્રકપત્રક તૈયારકરવામાં આવેલ છે કે કેમ? | | |
| 31 | ઇન્ટરવ્યુમાં હાજર/ગેરહાજર ઉમેદવારોની યાદી અંગેના પ્રમાણીકરણ માટે હાજર ઉમેદવારોની સહી અને ગેરહાજર ઉમેદવારની નોંધ સાથેનું પત્રક તૈયારકરવામાં આવેલ છે કે કેમ? | | |
| 32 | હાજર ઉમેદવારોની સંખ્યા | | |
| 33 | ગેરહાજર ઉમેદવારોની સંખ્યા | | |
| 34 | પસંદગી સમિતિ દ્વારા ગુણનુંએકંદરીકરણપત્રક તૈયારકરવામાં આવેલ છે કે કેમ? | | |
| 35 | વાંધા અરજી પરના સરકારી પ્રતિનિધિના રીમાર્કસ | | |
| 36 | ભરતી બાબતે સંસ્થા દ્વારા વખતોવખત કરવામાં આવનાર કાર્યવાહી/પ્રક્રિયા જાહેરાતથી લઇને નિમણુક સુધીની વિગતો કોલેજની વેબસાઇટ પર છે? | | |
| 37 | યુનિવર્સિટીની અને કમિશ્નરશ્રીની કચેરીની વેબસાઇટ પર વિગતો પ્રસિધ્ધ કરાવવા માટે પ્રમાણિત કરેલ સ્કેન કોપી ઇમેલ દ્વારા  મોકલેલ છે? | | |

ઉપરોક્ત વિગતો મેં ચકાસેલ છે અને બરાબર માલુમ પડેલ છે.

**સમગ્ર પસંદગી અંગેનો સરકારી પ્રતિનિધિનો સ્વયંસ્પષ્ટ તટસ્થ અભિપ્રાય :**

સરકારી પ્રતિનિધિની સહી સિક્કા સાથે

## NOC નો નમુનો

ક્રમાંક:
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક: 12/2, ડો. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.

પ્રતિ,
............

વિષય: બિન સરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્યની ખાલી જગ્યા ભરવા એન.ઓ.સી. આપવા બાબત.

સંદર્ભ: 1. યુ.જી..સી. રેગ્યુલેશન્સ ઓન મિનિમમ ક્વોલિફિકેશન્સ ફોર અપોઇંટ્મેંટ ઓફ ટીચર્સ એન્ડ અથર એકેડેમિક સ્ટાફ ઇન યુનિવર્સિટીઝ એન્ડ કોલેજીસ એન્ડ મેજર્સ ફોર ધ મેઇન્ટેનંસ ઓફ સ્ટાંડર્ડઝ ઇન હાય્ર એજ્યુકેશન્સ, 18 જુલાઇ 2018
2. યુ.જી..સી. રેગ્યુલેશન્સ ઓન મિનિમમ ક્વોલિફિકેશન્સ ફોર અપોઇંટ્મેંટ ઓફ ટીચર્સ એન્ડ અથર એકેડેમિક સ્ટાફ ઇન યુનિવર્સિટીઝ એન્ડ કોલેજીસ એન્ડ મેજર્સ ફોર ધ મેઇન્ટેનંસ ઓફ સ્ટાંડર્ડઝ ઇન હાય્ર એજ્યુકેશન્સ, 30/06/2010
3. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/1120112370 ખ/ તા. 29/09/2011
4. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/1120112370 ખ/ તા. 18/06/2012
5. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/1120112370 ખ/ તા. 20/01/2014
5. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/1120112370 ખ/ તા. 28/05/2015
6. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/1120112370 ખ/ તા. 18/04/2016
7. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/1120112370 ખ/ તા. 02/07/2020
8. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/1020/CHE-219/ખ/ તા. 24/05/2021
9. સંસ્થાના પત્ર ક્રમાંક:

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને આપના સંદર્ભ-8 અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીના શિક્ષણ વિભાગના સંદર્ભ-6 હેઠળના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્યની કેટલીક શરતોને આધિન વિકેંદ્રિકૃત પધ્ધતિથી સમાલાપ કાર્યવાહી કરી ભરવા માટે મંજુરી આપવામાં આવેલ હોઇ આપની દરખાસ્ત અન્વયે આપની સંસ્થામાં ખાલી પડેલ આચાર્યની જગ્યા સંદર્ભ-1 થી 7 માં જણાવેલ યુજીસી ગાઇડલાઇન્સ તેમજ સરકારશ્રીના ઠરાવોની વખતોવખતની સુચનાઓ અને જોગવાઇઓ અનુસાર કોલેજોમાં ચાલતી

વિદ્યાશાખાના વિષયના આચાર્યની જગ્યાની ભરતી પ્રક્રિયા કરવા નીચેની શરતોને આધિન આચાર્યની પસંદગી કરવા માટે એન.ઓ.સી. આપવામાં આવે છે.

શરતો:

1. સંબંધિત કોલેજો દ્વારા એન.ઓ.સી. મળ્યાના વધુમાં વધુ 25 દિવસમાં બહોળી પ્રસિધ્ધિ ધરાવતા અગ્રગણ્ય વર્તમાનપત્રો (એક અંગ્રેજી અને ચાર ગુજરાતી)માં જાહેરાત એવી રીતે આપવી કે ગુજરાત રાજ્યના દરેક ઝોન (ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ)માં પ્રસિધ્ધ થાય જાહેરાત, અરજીનો નમુનો અને સંદર્ભ દર્શિત ઠરાવો કોલેજની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા. બહોળી પ્રસિધ્ધિ માટે રાજ્યની યુનિવર્સિટીઓને જાહેરાતની નકલ તેઓની વેબસાઇટ, નોટિસબોર્ડ પર પ્રસિધ્ધિ માટે મોકલવાની રહેશે.
2. શિક્ષણ વિભાગના સંદર્ભ-6 માં જણાવેલ ઠરાવની શરત-6ની જોગવાઈ મુજબ, એન.ઓ.સી. મળ્યેથી જાહેરાત આપી, જાહેરાત અન્વયે આવેલી અરજીઓની વિગતોનું પત્રક તૈયાર કરી આ કચેરીને મોકલાવી ઇન્ટરવ્યુ અંગેની તારીખ જાહેરાત પ્રસિધ્ધ થયેથી એક માસમાં મેળવી લેવાની રહેશે.
3. પસંદગી સમિતિમાં સરકારી પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવે તે જોવાનું રહેશે. સરકારી પ્રતિનિધિએ ફરજિયાત હાજર રહેવાનું રહેશે તેમજ તમામ પત્રકોની ખરાઇ કરવાની રહેશે અને દસ્તાવેજોની ચકાસણી કરવાની રહેશે. ઇન્ટરવ્યુની કાર્યવાહી કાર્યવાહી સંપૂર્ણ થયા બાદ પસંદગી કાર્યવાહી સંબંધિત તમામ પત્રકો સમિતિના તમામ સભ્યોની તારીખ સાથેની સહીઓ મેળવીને તે જ દિવસે સરકારી પ્રતિનિધિને સોંપવાના રહેશે. ત્યાર બાદ જ પસંદગી સમિતિના સભ્યોએ ઇન્ટરવ્યુ સ્થળ છોડવાનું રહેશે.
4. સંબંધિત કોલેજ જે યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી હોય તે યુનિવર્સિટિના કેમ્પસમાં ઇન્ટરવ્યુ યોજવાના રહેશે. ઇન્ટરવ્યુ પુર્ણ થયાના બીજા દિવસે ચેક લિસ્ટ, નિયત પત્રકો, અને આધારો સાથેની ફાઇલ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીમાં જમા કરાવવાની રહેશે.
5. લઘુમતિ સંસ્થાએ સરકારશ્રીના સંદર્ભ- 3 માં દર્શાવેલ તા. 29/09/2011ના ઠરાવમાં જણાવ્યા મુજબ પસંદગી સમિતિની રચના કરવાની રહેશે.
6. ઉમેદવારની પસંદગી પ્રક્રિયા ઉપર વંચાણે લીધેલા સંદર્ભ-8 પરના ઠરાવથી નિયત કરેલ ગુણાંકન પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે. રીસર્ચ સ્કોરની ગણતરી કરવા માટે યુ.જી..સી. રેગ્યુલેશન્સ-2018 ના એપેન્ડિક્ષ-2 ના ટેબલ-2 પ્રમાણે કરવાની રહેશે.
7. સંસ્થાને આપવામાં આવેલ એન.ઓ.સી. મુજબની જગ્યા માટે ઉમેદવારની શૈક્ષણિક લાયકાત, નિમણુક, એસોસિએટ પ્રોફેસરના પગારધોરણમાં પ્રમોશન તથા અનુભવ શિક્ષણ વિભાગના ઠરાવોની જોગવાઇઓ મુજબ તથા યુજીસીના ધોરણો અનુસાર હોય જેની નોંધ સેવાપોથીમાં સરકાર દ્વારા અધિકૃત અધિકારી દ્વારા સહી-સિક્કા કરી પ્રમાણિત કરેલ હોય તો જ ધ્યાને લેવામાં આવશે. આ મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારની પસંદગી કરી શકાશે. અન્યથા પસંદ કરેલ ઉમેદવારના પગાર, ભથ્થા અનુદાનને પાત્ર ગણાશે નહિ.

8. ઉમેદવારની ઉંમર અને લાયકાત જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખ સુધીની જે હશે તે જ ધ્યાને લેવાની રહેશે.
9. આચાર્ય તરીકે નિમણુંક પામતા ઉમેદવારના તમામ ડોક્યુમેન્ટ્સની નકલની ફાઇલ (હાર્ડ અને સોફ્ટ કોપી) કોલેજના દફતરે નિભાવવાની રહેશે.
10. નિમણુંક આપતા પહેલા પૂર્વ મંજુરી માટે આ કચેરીના પરિપત્ર તથા ચેકલિસ્ટ મુજબ સાધનિક કાગળો, પત્રકો(પ્રતિનિધિ દીઠ તેમજ એકંદર પત્રક તથા રોજકામની નક્લ) વગેરે દરખાસ્તમાં અચૂક સામેલ રાખવાના રહેશે.
11. નિમણુંક આપતા પહેલા વહીવટી મંજુરી માટે આ કચેરીના પરિપત્ર તથા ચેક લિસ્ટ મુજબ સાધનિક કાગળો, પત્રકો વગેરે દરખાસ્તમાં અચૂક સામેલ રાખવાના રહેશે.
12. શિક્ષણ વિભાગના તા.06/10/1998ના ઠરાવમાં થયેલ જોગવાઇ મુજબ ગ્રાંટ ઇન એઇડ સંસ્થાઓમાં રાજ્ય સરકાર અથવા સક્ષમ અધિકારીની પૂર્વ મંજુરી સિવાય નિમણુંક નહિ કરવાની જોગવાઇ મુજબ આ કચેરીના તા.02/01/1999 પત્ર ક્રમાંક: ઉબક-ડીપી(વ-1)ક-98-99/2009-423ની સુચના મુજબ પસનદગી સમિતિએ પસંદ કરેલ ઉમેદવારની નિમણુંક આ કચેરીની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ જ નિમણુંક હુકમ આપવાનો રહેશે.
13. શિક્ષણ વિભાગના વખતોવખતના ઠરાવ તથા યુજીસી-2018ની ભલામણ તથા જોગાવાઇ મુજબ આચાર્યની જે કામગીરી અને જે ફરજો નક્કી કરેલ છે તે મુજબ અમલ કરવાનો રહેશે.
14. જો નિમણુંક સરકારી નિયમોની જોગવાઇ અનુસાર નહિ હોય તેમજ આ નિમણુંકને યુનિવર્સિટીની માન્યતા ન મળે તો આ નિમણુંકના કારણે ચુકવાયેલ પગાર અનુદાનને પાત્ર રહેશે નહિ.
15. નિમણુંક પામનારને સમાન સંવર્ગના અધિકારી / કર્મચારીઓને ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે કોલેજ માટે ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે પ્રમાણે હાજરી આપવાની રહેશે તેમજ પ્રાઇવેટ પ્રેકટીસ કે અન્ય પાર્ટ ટાઇમ નોકરી કરી શકશે નહિ. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.
16. પસંદગી પામનાર ઉમેદવારે , અગાઉ બજાવેલ સેવાની બાબતે અથવા ભારતના પ્રસ્થાપિત કોઇપણ કાયદા હેઠળ ફોજદારી, દીવાની કાર્યવાહીમાં દોષિત સાબિત થયેલ હોય તે કાર્યવાહી ચાલુ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે.
17. ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી કે અર્ધસરકારી સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તેમજ કોઇપણ તપાસ ચાલુ હોય તો આવા ઉમેદવારની અરજી રદ્દ થવાને પાત્ર બનશે.
18. અગાઉ ઉમેદવારને સરકારી સેવા / સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

## ઈન્ટરવ્યુમાં પેરામીટર્સ પ્રમાણે ગુણાંકન

ઈન્ટરવ્યુમાં નીચે મુજબના પેરામીટર્સ પ્રમાણે ગુણાંકન કરવાનું રહેશે.

**100% Score based on interview**

| Sr. | Parameter | Weightage % |
|---|---|---|
| A | Assessment of aptitude for teaching, research and administration | 35 |
| B | Ability to communicate clearly and effectively | 15 |
| C | Ability to plan institutional programs, analyse and discuss curriculum development and delivery, research support and college development/ administration | 35 |
| D | Ability to deliver lecture programs to be assessed by requiring the candidate to participate in group discussion or exposure to a classroom situation by a lecture | 15 |
| | Total | 100 |

## Appendix-2 Table-2
## For the calculation of Research Score

**Table 2**

**Methodology for University and College Teachers for calculating Academic/Research Score**

(Assessment must be based on evidence produced by the teacher such as: copy of publications, project sanction letter, utilization and completion certificates issued by the University and acknowledgements for patent filing and approval letters, students' Ph.D. award letter, etc,.)

| S.N. | Academic/Research Activity | Faculty of Sciences /Engineering / Agriculture / Medical /Veterinary Sciences | Faculty of Languages / Humanities / Arts / Social Sciences / Library /Education / Physical Education / Commerce / Management & other related disciplines |
|---|---|---|---|
| 1. | **Research Papers in Peer-Reviewed or UGC listed Journals** | 08 per paper | 10 per paper |
| 2. | **Publications (other than Research papers)** | | |
| | (a) **Books authored which are published by ;** | | |
| | International publishers | 12 | 12 |
| | National Publishers | 10 | 10 |
| | Chapter in Edited Book | 05 | 05 |
| | Editor of Book by International Publisher | 10 | 10 |
| | Editor of Book by National Publisher | 08 | 08 |
| | | | |
| | | | |
| | (b) **Translation works in Indian and Foreign Languages by qualified faculties** | | |
| | Chapter or Research paper | 03 | 03 |
| | Book | 08 | 08 |
| 3. | **Creation of ICT mediated Teaching Learning pedagogy and content and development of new and innovative courses and curricula** | | |
| | (a) **Development of Innovative pedagogy** | 05 | 05 |
| | (b) **Design of new curricula and courses** | 02 per curricula/course | 02 per curricula/course |
| | (c) **MOOCs** | | |
| | Development of complete MOOCs in 4 quadrants (4 credit course)(In case of MOOCs of lesser credits 05 marks/credit) | 20 | 20 |
| | MOOCs (developed in 4 quadrant) per module/lecture | 05 | 05 |
| | Content writer/subject matter expert for each module of MOOCs (at least one quadrant) | 02 | 02 |
| | Course Coordinator for MOOCs (4 credit course)(In case of MOOCs of lesser credits 02 marks/credit) | 08 | 08 |
| | (d) **E-Content** | | |
| | Development of e-Content in 4 quadrants for a complete course/e-book | 12 | 12 |
| | e-Content (developed in 4 quadrants) per module | 05 | 05 |
| | Contribution to development of e-content module in complete course/paper/e-book (at least one quadrant) | 02 | 02 |
| | Editor of e-content for complete course/ paper /e-book | 10 | 10 |
| 4 | (a) **Research guidance** | | |

| | | | |
|---|---|---|---|
| | Ph.D. | 10 per degree awarded<br>05 per thesis submitted | 10 per degree awarded<br>05 per thesis submitted |
| | M.Phil./P.G dissertation | 02 per degree awarded | 02 per degree awarded |
| . | **(b) Research Projects Completed** | | |
| | More than 10 lakhs | 10 | 10 |
| | Less than 10 lakhs | 05 | 05 |
| | **(c) Research Projects Ongoing :** | | |
| | More than 10 lakhs | 05 | 05 |
| | Less than 10 lakhs | 02 | 02 |
| | **(d) Consultancy** | 03 | 03 |
| 5 | **(a) Patents** | | |
| | International | 10 | 10 |
| | National | 07 | 07 |
| | **(b) *Policy Document (Submitted to an International body/organisation like UNO/UNESCO/World Bank/International Monetary Fund etc. or Central Government or State Government)** | | |
| | International | 10 | 10 |
| | National | 07 | 07 |
| | State | 04 | 04 |
| | **(c) Awards/Fellowship** | | |
| | International | 07 | 07 |
| | National | 05 | 05 |
| . | | | |
| | | | |
| | | | |
| 6. | ***Invited lectures / Resource Person/ paper presentation in Seminars/ Conferences/full paper in Conference Proceedings (Paper presented in Seminars/Conferences and also published as full paper in Conference Proceedings will be counted only once)** | | |
| | International (Abroad) | 07 | 07 |
| | International (within country) | 05 | 05 |
| | National | 03 | 03 |
| | State/University | 02 | 02 |

**The Research score for research papers would be augmented as follows :**

Peer-Reviewed or UGC-listed Journals (Impact factor to be determined as per Thomson Reuters list) :

i) Paper in refereed journals without impact factor - 5 Points

ii) Paper with impact factor less than 1 - 10 Points

iii) Paper with impact factor between 1 and 2 - 15 Points

iv) Paper with impact factor between 2 and 5 - 20 Points

v) Paper with impact factor between 5 and 10 - 25 Points

vi) Paper with impact factor >10 - 30 Points

(a) Two authors: 70% of total value of publication for each author.

(b) More than two authors: 70% of total value of publication for the First/Principal/Corresponding author and 30% of total value of publication for each of the joint authors.

Joint Projects: Principal Investigator and Co-investigator would get 50% each.

## શિક્ષણ વિભાગનો ઠરાવ તા.24-05-2021: